પ્રાંતિજમાં નોમે બ્રહ્માણી માતાની પલ્લી યાત્રા નિકળશે

પ્રાંતિજ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાંગોળ વિસ્તારમાં સ્થિત બ્રહ્માણી માતા મંદિરે આગામી તા. ૨૪ ઓકટોબર ૨૦૧૨ને રાત્રિના ૧.૧૫ કલાકે માતાજીની પલ્લી ભરાશે તેમજ ભકતો પલ્લીમાતાના યાત્રા રથને પ્રસ્થાન કરાવશે.

પ્રાંતિજમાં ત્રેતાયુગના સમયથી ભરાતી પલ્લીમાતાની પલ્લી પરંપરા પ્રમાણે પલ્લી સમિતિ દ્વારા કાઢવામાં આવે છે અને સામુહિક પલ્લીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. બ્રહ્માણી માતાના પૌરાણિક મંદિરે નવરાત્રિની નોમના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ ખીજડાના ઝાડમાંથી બનાવાયેલ પલ્લી રથમાં પાંચ દિવા થાય છે. સમગ્ર નગર તથા પંથકજનોની હાજરીમાં જનમેદની વચ્ચે પલ્લી પ્રસ્થાન કરે છે. ભકતો પલ્લીમાં હજારો મણ ઘી પલ્લી માતાને ચઢાવી ધન્યતા અનુભવે છે. આ પરંપરા આજેય અકબંધ છે.

સંસ્થાના પ્રમુખ ભગુભાઈ પટેલ તથા નવરાત્રિ મહોત્સવના પ્રમુખ મનુભાઈ પટેલ સહિત તમામ સભ્યો પલ્લીની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે તેમ આયોજકોએ જણાવ્યું છે.

ચિલોડા મોટા ગામના નવરાત્રી ચોકમાં નવરાત્રી મહોત્સવ રંગેચંગે ઉજવણી

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા મોટા ખાતે પરંપરાગત નવરાત્રી મહોત્સવની ઉજવણીમાં યુવક મંડળ દ્વારા મા જગત જનની જગદંબા તથા બહુચર મા આદ્યશક્તિનું અનેરૂ પર્વ એટલે નવરાત્રીની રંગ સોળેકળાએ ખીલી ઉઠ્યો છે. ગામના નાના-મોટા તમામ મંદિરોને ભક્તો દ્વારા રોશનીથી શણગારવામાં આવ્યા છે. જ્યારે ગામના મુખ્ય ચોક નવરાત્રી નિમિત્તે તોરણોથી અદ્‌ભુત રીતે શણગારવામાં આવ્યો છે. રાત્રે યુવકમંડળ તથા ગ્રામ માઈભકતો મા ની સ્તુતિ, પૂજા અર્ચના કરી પ્રસાદી લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. નવરાત્રી ચોકમાં વિવિધ કલાવૃંદ દ્વારા ગીત-સંગીતની સુરાવલીમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે રમવા નવરાત્રીના રંગમાં રંગાઈ શ્રદ્ધાપૂર્વક રમવા નવરાત્રીના રંગમાં રંગાઈ શ્રદ્ધાપૂર્વક એક જ હરોળમાં ઘુમતી મહિલાઓ આદ્યશક્તિની આરાધનાના મહાપર્વને ભારે ઉમંગ-ઉલ્લાસથી ઉજવવા ગરબાના તાલે સૌ નાના-મોટા ખેલૈયા અનોખી ભક્તિમાં તલ્લીન બની જોડાય છે. યા દેવી સર્વ ભુતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા નમો સ્તૈસ્ય...

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પ્રાંતિજમાં કપડાની દુકાનમાં પાંચ ગઠીયા કળા કરી પલાયન

અંદાજે ૧૬ હજારનું કપડાનું કાર્ટૂન લઈ ગયા

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટોપ પાસે ગોપીનાથ કોમ્પલેક્ષની એક રેડીમેડ કપડાની દુકાનના વેપારીને બે ભાન કરી પાંચ ગઠીયાઓ અંદાજે રૂ. ૧૬ હજારનું કાર્ટૂન લઈ પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ દિવાલીનો પર્વ નજીક આવી રહ્યો છે અને બજારમાં લોકોની ભીડ પણ જામવા લાગી છે ત્યારે પ્રાંતિજના ગોપીનાથ કોમ્પલેક્ષમાં આવેલી રામદેવ રેડીમેડ કપડાની દુકાનમાં સવારમાં જ ગ્રાહકના સ્વાંગમાં પાંચેક ઈસમો કપડા ખરીદવા દુકાને આવ્યા હતા. દુકાનદાર પણ સવારમાં ભગવાને સારા ગ્રાહક મોકલ્યા હશે તેમ સમજી તેઓ જે માગે તે બતાવતા ગયા હતા. ખરીદી કરનારા પૈકી દાઢી મુછવાળો એક ઈસમ બહાર ઉભો રહ્યો હતો.

બાકીના ચાર પૈકી મહિલા તથા પુરૂષો કપડાં જોતા હતા ત્યાં જ અચાનક જ આ દુકાનદાર પર કંઈક વિદ્યા કરતા તે બેભાન થઈ ગયો હતો અને ગઠીયાઓ અંદાજે ૧૬ હજારના રેડીમેડ કપડાના બે થેલા લી ગયા બાદમાં ૧૫ મીનીટ બાદ પોતાની સાથે થયેલ છેતરપીંડી અંગે વેપારીઓએ આ ગઠીયા ગેંગને પકડવા શોધખોળ હાથ ધરી હતી પરંતુ આ ટોળકી પલાયન થવામાં સફળ થઈ ગઈ હતી. જો કે વેપારીએ આ અંગે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

પ્રાંતિજ ટોલટેક્ષ નજીક લકઝરી બસમાંથી ૧૧ કિલો ૭૦૦ ગ્રામ ચરસ પકડાયું

જિલ્લા એસ.ઓ.જી. શાખાએ ચાર મુસાફરોની ધરપકડ કરી

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલટેક્ષ પાસેથી રવિવારના રોજ સવારે જિલ્લા એસ.ઓ.જી. શાખાએ બાતમી આધારે વોચ કરી લકઝરી બસમાંથી ૧૧ કિલો ૭૦૦ ગ્રામ ચરસ પકડી પાડયું હતું અને ચાર મુસાફરોની ધરપકડ કરી તેમના વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ સાબરકાંઠા જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પી.આઈ.બી.એલ. દેસાઈને મળેલ બાતમી આધારે રવિવારના રોજ સવારે સાબરકાંઠા જિલ્લાના શામળાજીથી અમદાવાદ નેશનલ હાઈવે-૮ પરના પ્રાંતિજ નજીક કતપુર ટોલટેક્ષ એસ.ઓ.જી.ના ભગવાનભાઈ દેસાઈ, નાથાભાઈ દેસાઈ, નરવરસિંહ રાઠોડ, દલજીતસિંહ રાઠોડ સહીત સ્ટાફ વોચમાં હતો દરમિયાન ૧૧ વાગેના સુમારે રાજસ્થાનના જયપુરથી સુરત જઈ રહેલ મહાવીર ટ્રાવેલ્સની લકઝરી બસ નંબર આરજે-૧૪-પીસી-૫૦૦૬ને રોકી તેમાં તપાસ કરતા જયપુરથી સુરત જતા ઉત્તરપ્રદેશના દેવડિયા તાલુકા અને જિલ્લાના શાહવાર ગામના શુચિતક રામબહાલ યાદવ અને ભરીયાપુર બીરસેન રામાજ્ઞા ચૌહાણ બંને પાસેના એક થેલામાંથી ચરસના ત્રણ પેકેટ અને મહારાષ્ટ્રના કુકરિયા આગાર, એ-૪૭, રૂમ નંબર-૧૦, મુંબઈ-૩૭ રહેતા અબ્દુલરજ્જાક ઈમામશા શેખ અને ગ્રાઉન્ડ ફલોર, મુસ્લિમનગર, ધારાવી મુંબઈ ખાતે રહેતા મકબુલ એહમદ મહમદમસુદ સિદ્દીક્કી આ બંને પાસેથી ચરસના એક થેલામાંથી એક પેકેટ મળ્યું હતું.

પોલીસે ચારેય પાસેથી ચાર પેકેટ ચરસના મળી કુલ ૧૧ કિલો ૭૦૦ ગ્રામ કિંમત રૂ. ૧૧ લાખ ૭૦ હજારનું ચરસ સાથે ચારની ધરપકડ કરી હતી. આ અંગે પૂછપરછ દરમિયાન જાણવા મળેલ કે આ ચારેય જણા જયપુરથી સુરત અને ત્યાંથી મુંબઈ જવાના હતા અને ચરસની ડીલીવરી કરવાના હતા. આ ચારેય વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ મથકે એન.ડી.પી.એ. ૧૯૮૫ની કલમ ૮-સી ૨૧, ૨૨, ૨૮ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા બાયપાસ માર્ગ પર ટ્રક અને કાર વચ્ચે અકસ્માત એક નું મોત : નવને ઈજા

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના મોડાસા બાયપાસ માર્ગ પર રવિવારના રોજ સવારે ઉભેલ ઈકો કારને પાછળથી ટક્કર મારતા કાર પલટી ખાઈ ગયેલ જેમાં મુસાફરો અને ચાલક સહીત તમામ ગંભીર રીતે ઘાયલ થયેલા જેમને ૧૦૮ થી તાત્કાલિક સારવાર માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ હતા. જ્યાં ૧ નું મોત નીપજ્યું હતું. જ્યારે ૯ જણા સારવાર હેઠળ હતા. આ અંગે મોડાસા ટાઉન પોલીસમથકે રંગુબેન ઝેરાભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા મોડાસા ટાઉન પોલીસમથકના પી.આઈ. પી.ડી. પરમાર અને પી.એસ.આઈ. જી.જે. રાઓલે જણાવેલ કે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના અલાલી ગામના પરમાર પરિવાર ભાડે ઈકો કાર નંબર જીજે-૧૭-એએન-૬૯૯૪ કરી તેમાં ૮ મહિલા, ૨ પુરૂષ, ૨ બાળકો અને ચાલક સહિત ૧૩ જણા રવિવાર સવારના રોજ અલાલીથી અંબાજી જવા નીકળએલ હતા. દરમિયાન ૧૦.૧૫ વાગેના સમયે મોડાસા બાયપાસ માર્ગ પર સહયોગ પેટ્રોલ પંપ પાસે રોડ સાઈડે કાર ઉભી હતી. દરમિયાન પાછળથી માતેલા સાંઢને જેમ આવી રહેલ ટ્રક નંબર એચ.આર. ૬૩-એ-૯૭૦૭ એ ટક્કર મારતા ઈકો કાર ધડાકાભેર અવાજ સાથે પલટી ખાઈ રોડ સાઈડે ખાડામાં જઈને પડી હતી જેના કારણે તમામને ઈજાઓ થવા પામી હતી. તમામને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કારચાલક ગીરધરપુરા ગામના ૩૦ વર્ષીય રણજીતભાઈ લલ્લુભાઈ પરમારનું મોત નીપજ્યું હતું. જ્યારે ૩૭ વર્ષીય મહિલા કમળાબેન પરમારને શરીરે ગંભીર ઈજાગ્રસ્ત સહીત ૮ જણા સારવાર હેઠળ હતા. આ અંગે મોડાસા ટાઉન પોલીસમથકે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના અલાલી ગામના રંગુબેન ઝેરાભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સ્વામીનારાયણ મંદિર વઢવાણ દ્વારા વ્યસન મુક્તિ સત્સંગ સભા

ગાંધીનગર, તા.૨૧

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ માધવેન્દ્ર પ્રસાદજી મહારાજે નિયમ એકાદશીએ નિયમ લેવાની પરંપરા અને શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે ૧૦૦ ગામોમાં સત્સંગ સભા કરીને યુવાધનને વ્યસન મુકત કરવું તેવો નિયમ લીધો હતો. તે અનુસાર ૯૭મી વ્યસનમુક્તિ માટે ગાંધીનગર ખાતે સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં યોજાઈ હતી. જેમાં હરી ભક્તોએ લાભ લીધો હતો.

સમાજને વ્યસન મુકત કરવા જુદા જુદા ગામોમાં પ્રવાસ કર્યા બાદ ગાંધીનગર ખાતે ૯૭મી સભામાં ડૉ. કલ્યાણ ચંપાવત સ્માર્ટ ટ્રેનિંગ સેન્ટર સેકટર-૭ તથા ભાગ્યેશભાઈ જહા સચિવશ્રી રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ વ્યાખ્યાનો હાજર રહી વ્યસનમુક્તિ અને કૃષ્ણ ભક્તિ ઉપર સુંદર વકતવ્ય આપ્યું હતું. પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ માધવેન્દ્ર સાદજી આધ્યાત્મીક વાત કરી હરીભકતોને રસતરબોળ કર્યા હતા.

રાધાકૃષ્ણ દેવ યુવક મંડળના યુવાનો દ્વારા વ્યસનમુક્તિ અંગેનું રૂપક રજૂ કરેલ હતું. પાંચ વર્ષના નાના બાળક ચિ. નિલાંગે હાર્મોનિયમના સુર સાથે કિર્તન ભક્તિ કરી સૌને આનંદિત કર્યા હતા. આચાર્ય મહારાજે વ્યસનમુર્તિ માટે આર્શિવાદ પાઠવેલ હતા.

ઝેરી દવા ગટગટાવી જનાર વિખણ ગામના યુવાનનું સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના વિખરણ ગામના ૩૦ વર્ષીય મહેશભાઈ તેજાભાઈ ખોખરીયાએ કોઈ અગમ્ય કારણોસર ઘરે શનિવારના રોજ કોઈ ઝેરી દવા પી ગયેલ હતો જેને તાત્કાલિક સારવાર માટે ખેડબ્રહ્મા સરકારી દવાખાને લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે શનિવારની રાત્રીના હિંમતનગર સિવિલમાં લાવેલ હતો જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રીના મહેશભાઈનું મોત નીપજ્યું હતું. સિવિલના ડોકટર રીટા સિન્હાએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

આકોલી બસ સ્ટેન્ડ પાસેની પાણી લીકેજ પાઈપને રીપેર કરવા માંગ

કાંકરેજ તાલુકાના શિહોરી-દિયોદર માર્ગ પર આવેલ આકોલી બસ સ્ટોપ પાસે છેલ્લા કેટલાય મહિનાથી પાણી પુરવઠા વિભાગની પાણીની પાઈપ લીકેજ થતા સતત પાણીનો બગાડ થઈ રહ્યો છે. જેથી સ્થાનિકજનોએ આ મામલે તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં પણ આજદિન સુધી કોઈ પણ નિકાલ ન આવતા લોકો રોષે ભરાય છે. અને તાત્કાલિક ધોરણે આ લીકેજ પાઈપને રીપેર કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

રાજકોટમાં ૪ પુત્રીઓની સાથે માતાનું અગ્નિસ્નાન : ઉના મોત

પતિ-પત્ની વચ્ચે વારંવાર બોલાચાલી અને ત્રાસ અગ્નિસ્નાન માટે મુખ્યરીતે કારણરૂપ: પોલીસ દ્વારા ઉંડી ચકાસણી શરૂ થઈ : તમામની ઓળખ કરાઈ

રાજકોટ,તા. ૨૧

રાજકોટ જિલ્લાના વડીયા ગામે આજે એક પરિવારમાં માતમનો માહોલ છવાઈ ગયો હતો. એક માતાએ પોતાની ચાર પુત્રી સાથે અગ્નિસ્નાન કરી લેતા સનસનાટી મચી ગઈ છે. આ બનાવમાં ત્રણના મોત થયા હતા. જ્યારે માતા અને પુત્રીની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બનાવથી સમગ્ર રાજકોટમાં ખળભળાટ મચી ગયો હતો. આ બનાવ અંગે માહિતી મુજબ ચાર પુત્રીઓ સાથે અગ્નિસ્નાન કરનાર મહિલાએ કહ્યુ છે કે તેના પતિ દ્વારા વારંવાર ત્રાસ ગુજારવામાં આવતો હતો. આ ત્રાસથી કંટાળી જઈને તેણે આ દુખદ પગલુ ભર્યું છે. અગ્નિસ્નાન કરનાર મહિલાના પિતાએ પણ ફરિયાદમાં કહ્યુ છે કે તેમના જમાઈ દ્વારા પુત્રી પર ત્રાસ ગુજારવામાં આવતો હતો.

બીજી તરફ મહિલાના પતિએ નિવેદન આપતા જણાવ્યુ છે કે ચાર પુત્રીઓ અને મહિલાને વિજકરંટ લાગી ગયો છે. તમામના જુદાજુદા નિવેદનના કારણે ગુંચવણ ભરી સ્થિતિ ઉભી થઈ છે. જો કે આ બનાવથી ભારે ચર્ચા જોવા મળી રહી છે. રાજકોટમાં પોલીસે પણ આ અગ્નિસ્નાનના મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે. રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના કોટડા સાંગાણી પાસેના નાના વડીયા ગામે આ બનાવ બન્યો છે. પ્રફુલાબેન દિનેશભાઈ બગડા(૩૫) નામની વણકર મહિલાએ તેમની ચાર પુત્રીઓ સાથે અગ્નિસ્નાન કર્યો હતો. ત્રણ પુત્રીઓના આમા મોત થયા હતા. મળેલી માહિતી મુજબ આજથી ૧૫ વર્ષ પહેલા દિનેશભાઈ બગડા સાથે પ્રફુલાબેનના લગ્ન થયા હતા. ૧૫ વર્ષના લગ્નજીવનમાં પ્રફુલાબેને ચાર પુત્રીઓને જન્મ આપ્યો હતો. જેથી પતિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો.

આ ઘટના બાદ પ્રફુલાબેન અને તેમના સંતાનોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જે મા પુત્રીઓ ભવ્યતા, આસ્થા, ઉર્મિલાના મોત થયા છે. જ્યારે પ્રફુલાબેન અને મોટી પુત્રી નિરાલીની હાલત ગંભીર જણાવવામાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હાલ સારવાર ઉપર છે.

રાજસ્થાન હૉસ્પિટલ ખાતે ૧૫ વર્ષના વિદ્યાર્થીની કિડની ટ્રાન્સપ્લાન્ટનું સફળતાપૂર્વક ઑપરેશન

ગાંધીનગર, તા. ૨૧

હુડમતિયા ગામના (માલધારી) કાનજીભાઈ દાનાભાઈ કે જે માત્ર ૧૫ વર્ષનો વિદ્યાર્થી છે, તેનું રાજસ્થાન હૉસ્પિટલની તમામ સુવિધાઓ પણ આપવામાં આવી હતી.

કાનજીભાઈ ગભરામણ (ઓઈડિયાના ફેસ)ની ફરિયાદ કરતો હતો. તદ્‌ઉપરાંત બાળપણથી જ વારંવાર ભૂક ન લાગવાની પણ ફરિયાદ કરતો હતો. દોઢ-બે વર્ષ પહેલાં તે એકવાર બેભાન થઈ ગયો. તેને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને રોગનું નિદાન કરતાં એવું જાણવા મળ્યું કે તેની બંને કિડની નિષ્ફળ ગઈ છે. તેને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો અને રોગનું નિદાન કરતા એવું જાણવા મળ્યું કે તેની બંને કિડની નિષ્ફળ થઈ ગઈ છે. તેથી કિડની ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી, અને તેના માટે કિડની દાતાની તાત્કાલિક જરૂર હતી. દાનાભાઈ કે જેઓ દર્દી કાનજીભાઈના પિતા છે તેમને પુત્ર પ્રેમને કારણે પોતાની કિડની પુત્રને દાન આપવાની તૈયારી દર્શાવી.

અમદાવાદમાં જુદા - જુદા કિડની ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્રોની મુલાકાત લીધા પછી દર્દીએ નિર્ણય કર્યો કે રાજસ્થાન હૉસ્પિટલમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટસનું ઑપરેશન કરાવવું. કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જનોની નિષ્ણાત ટીમ ડૉ. હિમાંશુ શાહ, ડૉ. શરદ ડોડિયા, કેવલ પટેલ અને ડૉ. ગૌરાંગ કે જેઓ રાજસ્થાન હૉસ્પિટલના મુખ્ય યુરોલોજીસ્ટ છે. તેઓ એ આ દર્દીનું સફળતાપૂર્વક ઑપરેશન કર્યું. ડૉ. ભાવિન મેતલીયા, ડૉ. જાવેદ વકીલ અને ડૉ. મંથન કંસારાની બનેલી નેફ્રોલોજિસ્ટની નિષ્ણાંત ટીમને પોસ્ટ સર્જિકલ તબીબી સારવાર પણ કરી.

કંપની સમાચાર

આઈઆઈડીમાં ઉપલબ્ધ છે ડિઝાઈનરો માટે યુનિવર્સલ ગેટવે

આઈટી ડેવલપમેન્ટ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (આઈટીડીસીઆઈ), નવી દિલ્હી અને ઈન્દોર સાથે સંલગ્ન અમદાવાદ સ્થિત ઈન્ટરનેશનલ ઑફ ડિઝાઈન્સ (આઈઆઈડી) દ્વારા કેનેડા એજ્યુકેશન એન્ડ સર્ટીફીકેશન ઈન્કો (સીઈએસીઆઈ) સાથે જોડાણ કરવામાં આવ્યુંછે. આ જોડાણ દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ટીરીયર ડિઝાઈન થ્રીડી પ્લસ, ફેશન ડિઝાઈન થ્રીડી અને કિચન એન્જિનિયરીંગ થ્રીડી પ્લસનાં સર્ટિફીકેશન કોર્સો ઓફર કરવામાં આવશે. આ જોડાણથી ગુજરાત અને આઈઆઈડીનાં વિદ્યાર્થીઓને ફાયદો થશે, કારણે આ કોર્સ કેનેડા માટે ૧૦૦ ટકા નોકરીની મદદ પુરી પાડે છે અને પરીક્ષા સમાપ્તિનાં સાત દિવસમાં સર્ટિફિકશન આપે છે.

આઈટીડીસીઆઈ, ઈન્દોર સાથે સંલગ્નતા ધરાવતી આઈઆઈડીની સ્થાપના વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી હતી. સ્થાપનાનો હેતુ ડિઝાઈનનો હેતુ ડિઝાઈનનાં ક્ષેત્રમાં વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજી પૂરો પાડવો છે. આઈડીટીસીઆઈ -ઈન્દોરનાં અધ્યક્ષ રાકેશ ચોપરાનાં જણાવ્યાં અનુસાર, 'કેનેડા એજ્યુકેશન અને સર્ટિફીકેશન ઈન્કો (સીઆઈએસીઆઈ) પ્રમાણિત કોર્સો આઈટીડીસીઆઈમાં તમામ કેન્દ્રોમાં ચલાવે છે. પ્રગતિશીલ એવા ગુજરાત રાજ્યમાં આઈઆઈડીને એક માત્ર સેન્ટર ઘોષિત કરતા અમને આનંદ થાય છે. આ સાથે જ અમે ગુજરાત રાજ્યનાં આઈડીટીસીઆઈનાં અધ્યક્ષ અને રાજ્યમાં કો-ઓડિનેટર તરીકે આઈઆઈડીનાં એમડી શ્રી સ્નેહલ મહેતાની નિમણૂંક કરીએ છીએ.'

આઈઆઈટીનાં મેનેજિંગ ડાયરેકટર શ્રી સ્નેહલ મહેતાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'કેનેડાના સીઈએસીઆઈનાં ઈન્ટીરીયર ડિઝાઈન થ્રીડી પ્લસ, ફેશનથ્રીડી પ્લસ અને કિચન એન્જિનિયરીંગથ્રીડી પ્લસનાં કોર્સોને કારણે ગુજરાતનાં વિદ્યાર્થીઓનો મોટો ફાયદો થશે. કારણ કે વિશ્વભરમાં આ કોર્સોની મોટી માંગ છે. આઈઆઈડીનો અત્યાર સુધીમાં ૨૫૦ થી પણ વધુ વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે. ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ અત્યારે સફળ વ્યવસાયીકો છે અને મને આનંદ છે કે આ વિદ્યાર્થીઓએ તેમનું લક્ષ્યાંક અને સ્વપ્નો સિધ્ધ કર્યા છે.'

કોર્પોરેશન બેંકે નવી શાખા અમદાવાદમાં ખોલી

સાર્વજનિક ક્ષેત્રમાં આગળ કોર્પોરેશન બેંકે ૧૮ ઑકટોબરે ૨૦૧૨નાં રોજ પ્રહલાદ નગર, અમદાવાદમાં લોકલ સુવિધા પુરી પાડવા તેમની નવી શાખા ખોલી છે. આ નવી શાખા ૧૫/એ, કોમ્પર્સ કૉર્નર-૨, ઑડા ગાર્ડનની જોડે પ્રહ્‌લાદનગરમાં આવેલ છે. આ નવી શાખાનું ઉદ્‌ઘાટન શ્રી અજયકુમાર અધ્યક્ષ ઉપરથી પ્રબંધ નિર્દેશક દ્વારા બેંકનાં કાર્યકર્તા નિર્દેશક અમરલાલ દોલતાની હાજરીમાં કરવામાં આવ્યું. આ પ્રસંગમાં એન.વી. કુલશેકર મંડલ મહા પ્રબંધક એલ. એન. રેડ્ડી ઉપ મહાપ્રબંધક ઉપરાંચ અંચલ પ્રમુખ, અમદાવાદ અંચલ ગ્રાહક અને બેંકના કર્મચારીઓ પણ ઉપસ્થિત હતા.

બેંકની નવી સુવિધા ઉપરાંત બેંકે ૧૮-૧૦-૨૦૧૨ના રોજ અમદાવાદમાં ઉસએમઈ ઋણ કેન્દ્ર શરૂ કર્યું છે. અમદાવાદના ઉસએમઈ ઋણ કેન્દ્ર છે. જેમાં રિલેશનશિપ મેનેજરોની એક ડેડીકેટેડ ટીમ છે.

ગુજરાતમાં ચૂંટણી યોજાનાર છે ત્યારે કેન્દ્ર સરકારની જાહેરાતો પર પ્રતિબંધ મુકવા ભાજપાની રજૂઆત

ભાજપાના ચૂંટણી લીગલ સેલ દ્વારા ગુજરાત રાજ્યમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરે ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે ત્યારે આદર્શ આચારસંહિતાના પાલનના ભાગરૂપે કેન્દ્રની કોંગ્રેસ સરકારના વિવિધ મંત્રાલયો તરફથી અખબારમાં આપવામાં આવતી જાહેરાતો, આકાશવાણી, દૂરદર્શન (ગિરનાર) પરથી કરાવવામાં આવતી જાહેરાતોની ચકાસણી હાથ ધરીને તેના પર પ્રતિબંધ મુકવાની માંગણી મુકી છે.

ભાજપા ચૂંટણી લીગલ સેલના કન્વીનર શ્રી પરિન્દુ ભગતે આ અંગે વિગતવાર પત્ર ચૂંટણીપંચને લખીને તાકિદે તેને અટકાવવાની માંગણી કરી મુક્ત અને ન્યાયી ચૂંટણી માટેના માર્ગને પ્રશિસ્ત કરવા પંચને અનુરોધ કર્યો છે.

(તસવીર : હેમુભા વાઘેલા, કાંકરેજ)

કાંકરેજ તાલુકાના ઉંબરી અને શિહોરી ગામ હાલ નવરાત્રીના રંગે રંગાયું છે. જ્યાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમતા નજરે ચડે છે. ઉંબરીની પવિત્ર ધરા પર વાઘેલા વંશની કુળદેવી મા વાઘેશ્વરી દેવીનું મંદિર આવેલું છે. મંદિર પરિષદમાં દરરોજ ભક્તો માતાના દર્શન કરી નવલી નવરાત્રીમાં ગરબી ચોકમાં સમગ્ર શિહોરી અને ઉંબરી ગામનું યુવાધન બે તાલના સથવારે ગરબે ઘુમે છે જેથી સમગ્ર મંદિર પરિષર ગુંજી ઉઠે છે.

ગરબાની રમઝટ... ● ત્રીજા પાનું ચાલુ

જીનલ બ્રહ્મભટ્ટ, યમન પરમાર અને દર્શિલ પટેલનો પ્રથમ નંબર આવ્યો હતો. સવારના ઠંડા પ્હોરમાં આદ્યશક્તિ મા અંબાના વિધ વિધ સ્વરૂપોની પ્રશસ્તિ કરતા ગરબાઓ કર્ણપ્રિય સંગીત સાથે રજૂ થતા હોય ત્યારે સ્વાભાવિક છે કે, દરેક ખેલૈયાના પગ ઝૂમવા લાગે! આવા ગરબાના માહોલમાં 'ભલા ભોળી રામા' 'અમે કાકા બાપાના પોરિયા' અને 'સનેડો...સનેડો...' ગીતોએ તો શિક્ષકગણ અને શિક્ષિકાગણને પણ ગરબે ઝુમવા પ્રેર્યા હતા. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સાથે સાથે શાળાના શિક્ષકો, શિક્ષિકાઓ અને આચાર્યાબેને પણ મા ની આરાધના ગરબે રમીને કરી હતી.

ધોરણ-૮માં એ.બી.સી.ડી. અને ઈ વિભાગમાં બેસ્ટ ખેલૈયા તરીકે ક્ષમા, લબ્ધી, લવ ઠાકર, આયશી એ આર્યનો પ્રથમ નંબર આવ્યો હતો તથા બેસ્ટ ડ્રેસમાં પ્રાચી, દ્વિચા, શ્વેતા વર્મા, સોનમ અને ભારવીનો પ્રથમ નંબર આવ્યો હતો.

સમગ્ર ગરબા મહોત્સવમાં શાળાના શિક્ષકોએ ધોરણ પ્રમાણે અને વર્ગ વિભાગ પ્રમાણે નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી.નિર્ણાયકોમાં જયેશ શ્રીમાળી, જ્યોત્સનાબેન, ભાવિશાબેન, પિનાલીબેન, બીનીતાબેન, અંજનાબેન, શ્વેતલબેન, રાજ, નિશાબેન, શ્વાતિબેન, વૈભવીબેન, પારૂલબેન, હરિતાબેન, અનિતાબેન અને મીનીબેને તટસ્થ રીતે નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી દરેક વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય આપ્યો હતો. આચાર્યા અંજલિબેન ટેકવાનીએ શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા શિક્ષક હિંમતનભાઈએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.